રાજયમાં કોરોનાની શહેરી અને ગ્રામ્ય કક્ષાએ આરોગ્યની તેમજ વહીવટી કામગીરી સોંપવા બાબત

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
હુકમ ક્ર.એન.સી.વી-૧૦૨૦૨૦-૨૫૬-ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૮-૦૪-૨૦૨૦

વંચાણે લીધા:

(૧) સામાન્ય વહીવટ વિભાગના હુકમ ક્રમાંક-એઆઈએસ-૧૦૨૦૨૦-૧૬૨૬૬૫(૮)-ગ તા.૦૭/૦૪/૨૦૨૦
(૨) વિભાગના તા.૨૭/03/૨૦૨૦ અને તા.૩૧/03/૨૦ ના હુકમ ક્રમાંક-NCV-102020-SFS-1-G

પ્રસ્તાવના.

વિશ્વમાં ફેલાયેલ કોરોના વાયરસ COVID-19 ની પરિસ્થિતિને ધ્યાને લઈને રાજયમાં એપેડેમિક ડીસીઝ એક્ટ-૧૮૯૭ અન્વયે આ વિભાગના ક્રમાંક એનસીવી-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧ તા.૧૩/03/૨૦૨૦ ના નોટીફિકેશનથી રાજ્યમાં "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦" બહાર પાડેલ છે.

રાજય સરકાર દ્વારા રાજ્યમાં અધિકારીઓ જિલ્લાકક્ષાએ કલેકટરશ્રીઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં કમિશનરશ્રીઓને રોગચાળા અટકાવ, નિયંત્રણ અને સારવારના અસરકારક અમલીકરણ હેતુ તથા અન્ય અનુષાંગિક કામગીરી સોંપવામાં આવેલ છે. વંચાણે લીધેલ હુકમ ક્રમાંક-(૨)થી આઈ.એ.એસ. અધિકારીશ્રીઓને કોરોનાની અનુષાંગિક કામગીરી કરવાના હુકમ કરવામાં આવેલ છે. છેલ્લા કેટલાક દિવસોથી શહેરી વિસ્તારોથી આગળ પાટણ, પંચમહાલ, છોટા ઉદેપુર, ગીર સોમનાથ, સાબરકાંઠા જિલ્લાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં પોઝીટીવ કેસો નોંધાયેલ છે. જેથી રાજયના શહેરી તેમજ ગ્રામ્યકક્ષાએ સૂચારૂ સંકલનની તાતી જરૂરિયાતને ધ્યાને રાખી વંચાણે લીધેલ હુકમ ક્રમાંક-(૧)થી બે આઈ.એ.એસ. અધિકારીશ્રીઓને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના હવાલે મુકવામાં આવેલ છે.

હુકમ:-

(૧) શ્રી એમ. થેનારસન ,આઈ.એ.એસ., વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડાયરેકટરશ્રી, ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ (GIDC), ગાંધીનગરને રાજયના તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ સાથે શહેરી વિસ્તાર માટે અને,

(૨) શ્રી અનુપમ આનંદ ,આઈ.એ.એસ., સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર માટે કોરોનાની તમામ વહીવટી તેમજ આરોગ્યની બાબતનું સંકલન કરવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એમ.કુરેશી)
સંયુકત સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

1. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. માન, નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. માન, રા.ક. મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
5. અગ્ર સચિવશ્રી(ક.ગ.),સામાન્ય અને વહીવટ વિભાગ, ગાંધીનગર.
6. અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર
7. અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય
8. શ્રી પંકજ કુમાર,આઈ.એ.એસ.,અધિક મુખ્ય સચિવશ્રી,મહેસૂલ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
9. ડૉ. રાજીવકુમાર ગુપ્તા, આઈ.એ.એસ., અધિક મુખ્ય સચિવશ્રી,વન અને પર્યાવરણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
10. શ્રી એમ. થેનારસન ,આઈ.એ.એસ., વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડાયરેકટરશ્રી, ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ (GIDC), ગાંધીનગર
11. શ્રી અનુપમ આનંદ ,આઈ.એ.એસ., સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
12. કમિશ્નરશ્રી, (આરોગ્ય), કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
13. જિલ્લા કલેક્ટરશ્રીઓ (તમામ)
14. જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
15. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)
16. સિલેક્ટ ફાઇલ – ૨૦૨૦.